# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧/૧૦ /૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# યુવા ઉદ્યોગ સાહસિકો ટેકસટાઇલની આખી વેલ્યુ એડીશન ચેઇનથી વાકેફ થઇ શકે તે હેતુથી ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા 'ટેકસટાઇલ – એટ અ ગ્લાન્સ' કોર્સ શરૂ કરાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી દ્વારા ઉદ્યોગ સાહસિકોને ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીઝની આખી વેલ્યુ એડીશન ચેઇન સાથે વાકેફ કરવા માટે શુક્રવાર, તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજથી 'ટેકસટાઇલ – એટ અ ગ્લાન્સ' કોર્સની શરૂઆત કરવામાં આવી છે. આ કોર્સના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉદ્‌ઘાટક તરીકે ચેમ્બરના ગૃપ ચેરમેન તથા જાણીતા ઉદ્યોગપતિ ગિરધરગોપાલ મુંદડા ઉપસ્થિત રહયા હતા. ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન ચેમ્બરના ટેકનિકલ કોર્સિસના ચેરમેન અમરીષ ભટ્ટે કર્યું હતું.

ગિરધરગોપાલ મુંદડાએ ઉદ્યોગ સાહસિકોએ 'ટેકસટાઇલ – એટ અ ગ્લાન્સ' કોર્સ શા માટે કરવો જોઇએ? તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં મોટા ભાગે એવું જોવામાં આવે છે કે જે વિવર્સ હોય છે તેને પ્રોસેસિંગ યુનિટનું નોલેજ હોતું નથી. એવી જ રીતે જે પ્રોસેસિંગ યુનિટ ધરાવે છે તેઓને પાવર લૂમ્સનું પૂરતું નોલેજ હોતું નથી. આથી ચેમ્બર દ્વારા એવો પ્રયાસ કરવામાં આવી રહયો છે કે, જે યુવાઓ ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં ઉદ્યોગ સાહસિકતા કરી રહયા છે તેઓને ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીની આખી વેલ્યુ એડીશન ચેઇનનું નોલેજ થાય. જેથી કરીને યુવા ઉદ્યોગ સાહસિકો ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે

દાખલારૂપ કામગીરી કરી શકે અને તેના થકી દેશની અર્થવ્યવસ્થાનો પણ વિકાસ થઇ શકે. આ હેતુથી આ કોર્સની શરૂઆત કરવામાં આવી છે.

અમરીષ ભટ્ટે જણાવ્યું હતું કે, 'ટેકસટાઇલ – એટ અ ગ્લાન્સ' કોર્સમાં માત્ર યુવા ઉદ્યોગ સાહસિકો જ નહીં પણ કેટલાક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, એમબીએ, એન્જીનિયર્સ, ગ્રેજ્યુએટ તથા ટેકસટાઇલ ઉદ્યોગ સાથે વર્ષોથી સંકળાયેલા પરિવારોના યુવા સંતાનો પણ વિદ્યાર્થી તરીકે જોડાયા છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્ને પણ આ કોર્સ ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીની આખી વેલ્યુ એડીશન ચેઇનને સમજવા માટે ઘણો ઉપયોગી સાબિત થશે.

તેમણે વધુમાં કહયું કે, આ કોર્સ ચેમ્બરની સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે અઠવાડિયામાં ત્રણ દિવસ એટલે કે ગુરૂવાર, શુક્રવાર અને શનિવારના રોજ સાંજે ૫:૦૦થી ૭:૦૦ વાગ્યા સુધી ફેકલ્ટી તરીકે સેજલ પંડયા દ્વારા ભણાવવામાં આવશે. વિદ્યાર્થીઓને થિયરી સાથે પ્રેકટીકલ નોલેજ પણ મળી રહે તે માટે તેઓને ટેકસટાઇલની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરાવવામાં આવશે. સાથે જ અનુભવી ઉદ્યોગપતિઓનાં લેકચર તથા વિવિધ પ્લાન્ટ વિઝીટ પણ કરાવવામાં આવશે.